
NCS Code: 3257.0600, CCode: SC010

# આરોગ્ય, સલામતી અને પર્યાવરણ અધિકારી

આરોગ્ય, સલામતી અને પર્યાવરણ (એસ.એસ.ઈ.) અધિકારી કાર્યસ્થળમાં આરોગ્ય અને સલામતી અપનાવવાના અભિગમને પ્રોત્સાહન આપવા અને જાળવવા માટે જવાબદાર છે. તેઓ સુનિશ્ચિત કરે છે કે કંપનીમાં દરેક વ્યક્તિ વ્યાવસાયિક આરોગ્ય અને સલામતી, સામાજિક અને પર્યાવરણીય કાયદાઓ, પ્રક્રિયાઓ અને માર્ગદર્શિકાનું પાલન કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને લોકોની સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ થવાનો પ્રયાસ કરવો ગમે છે
- તમે નવી જવાબદારીઓ લેવા માટે ઉત્સુક છો
- તમને બહાર કામ કરવાનું ગમે છે
- તમે તમામ પ્રકારના લોકો સાથે સહજતાથી વાતચીત કરી શકો છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧૦,૦૦૦ થી ૮૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન)

૨. પર્યાવરણીય ઈજનેરી /સલામતી ઈજનેરીમાં સ્નાતક (B.Sc.)ની ડિગ્રી મેળવો. **અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

પર્યાવરણીય ઈજનેરીમાં સ્નાતક પૂર્ણ કરો અને પછી એન.ઈ.બી.એ.એસ.એચ. (વ્યાવસાયિક સલામતી અને આરોગ્યમાં રાષ્ટ્રીય પરીક્ષા બોર્ડ) અભ્યાસક્રમ પૂર્ણ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

આરોગ્ય, સલામતી અને પર્યાવરણ અધિકારીનું અંદાજીત માસિક વેતન **રૂ. ૪૫,૦૦૦ થી ૫૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://bit.ly/3wkRLnT

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** કેન્દ્રીય અને રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, વૈજ્ઞાનિક અને તકનીકી પરામર્શ સેવાઓ, પેટ્રોકેમિકલ ઈન્ડસ્ટ્રીઝ, હાઈડ્રો-કેમિકલ કંપનીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ સહિત અન્ય સંશોધન સંસ્થાઓ.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે ઓફિસમાં કામ કરશો. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો એક ભાગ છે. તમે પર્યાવરણ ઈજનેરોની ટીમનું નેતૃત્વ કરી શકો છો. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર થઈ શકે છે. જ્યારે જરૂર પડે ત્યારે તમારે દિવસમાં વધારે કલાકો કામ કરવું પડી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ એન્જિનિયરીંગ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એમ.એસ.યુ., વડોદરા
૨. ડિફેન્સ ઈન્સ્ટિટ્યુટ ઓફ એડવાન્સ ટેકનોલોજી, પુણે
૩. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, ગાંધીનગર
૪. નેશનલ ફાયર સર્વિસ કોલેજ, નાગપુર
૫. હેમચંદ્ર ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, ગુજરાત
૬. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ એન્જિનિયરીંગ સાયન્સ એન્ડ ટેકનોલોજી, પશ્ચિમ બંગાળ
૭. દયાલબાગ શૈક્ષણિક સંસ્થા, આગ્રા
૮. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ હાઈજીન એન્ડ પબ્લિક હેલ્થ, પશ્ચિમ બંગાળ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૨. એક્સેલ પોલિટેકનિક કોલેજ, તમિલનાડુ
૩. સેપ્ટ (સી.ઈ.પી.ટી.), અમદાવાદ
૪. પંજાબ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી, ગોવિંદગઢ
૫. ગલગોટીયા યુનિવર્સિટી, ગ્રેટર નોઈડા
૬. જે.એસ. યુનિવર્સિટી, શિકોહાબાદ
૭. સિંઘાનિયા યુનિવર્સિટી, રાજસ્થાન
૮. કે.એસ.આર. કોલેજ ઓફ એન્જિનિયરીંગ, તામિલનાડ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

## અપેક્ષિત પ્રગતિ પથ

પર્યાવરણીય વિજ્ઞાન ટેકનિશિયન → પર્યાવરણીય વિજ્ઞાન ઈજનેર → આરોગ્ય, સલામતી અને પર્યાવરણ અધિકારી → પ્રોજેક્ટ અધિકારી → વૈજ્ઞાનિક/સંશોધક

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

એન્વાર્યમેન્ટલ હેલ્થ એન્ડ સેફ્ટિ ઓફિસર

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ



## સાફલ્ય ગાથા

**એસ. વી. શ્રીનિવાસન,** ૫૯, ભેલ ત્રિચી કોમ્પ્લેક્સના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર છે. શ્રીરંગમના વતની શ્રીનિવાસને વર્ષ ૧૯૮૪માં ભેલ ત્રિચીમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી અને કંપનીમાં આરોગ્ય, સલામતી અને પર્યાવરણના વડા સહિત અનેકવિધ ભૂમિકાઓ નિભાવી. તેમણે દિલ્હી કૉલેજ ઑફ એન્જિનિયરીંગમાંથી મિકેનિકલ એન્જિનિયરીંગમાં સ્નાતક અને પ્રાદેશિક એન્જિનિયરીંગ કૉલેજ (હવે નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ટેકનોલોજી-ત્રિચી)માંથી ઔદ્યોગિક ધાતુશાસ્ત્રમાં અનુસ્નાતકની પદવી હાંસલ કરી હતી.*

સ્ત્રોત:https://timesofindia.indiatimes.com/city/trichy/s-v-srinivasan-appointed-as-bhel-trichy-executiVe-director/articleshow/94073950.cms

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.